કાંકરેજ તાલુકા કેળવણી મંડળ,થરા સંચાલિત શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ,

શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતીબેન બાપુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ-થરા

ઈન્દીરાનગરની બાજુમાં,મુ.પોસ્ટ-થરા તા-કાંકરેજ,જીલ્લો.બનાસકાંઠા-૩૮૫૫૫૫

વેબસાઈટ એડ્રેસ : www.sasv.org

# ઉમેદવાર માટે અગત્યની સુચના

૧.આપેલ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે.જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૬૦ મિનિટનો રહેશે.

૨.પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

૩.ઉમેદવાર જો જવાબ આપવા માંગતા નાં હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ E આપેલ છે.

૪.ઉમેદવારે બધા પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે.

૫.પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે.મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબદીઠ ખાલી છોડેલ જવાબદીઠ,છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે.જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહિ.
- જવાબચાવી (Answer Key) ફાઈનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એક થી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈ પણ જવાબ માટે ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે.

૬. ઉમેદવાર વાદળી/કાળી બોલ પોઈન્ટર પેનથી ઉત્તરો લખવાના છે.અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહિ તથા સફેદ શાહી,બ્લેડ કે રબરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહિ.

૭. પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય,કાપલી,મોબાઈલ ફોન,પેજર,કેલ્ક્યુલેટર,બ્લુટૂથ, સ્માર્ટવોચ કે અન્ય વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

૮. પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરો અંદર વાતચીત અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

૯. પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે.

૧૦.પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભ સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧. ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

પ્રમુખ / મંત્રી
કાંકરેજ તાલુકા કેળવણી મંડળ.
થરા.જિ.બનાસકાંઠા

૧૨. પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોંટાડી સાથે ફરજિયાત લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩. પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્ર ની ઓરિજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

૧૪. નિર્ધારિત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર થવાનું રહેશે.

૧૫. આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલ્ક્યુલેટર, પેનડ્રાઇવ,સી.ડી વગેરે જેવા કોઈ પણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૧૬. પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી.

૧૭. ઉમેદવાર પરિક્ષાખંડમાં મોબાઇલ લાવવાનો રહેશે નહી.

૧૮. ચેતવણી :- સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૯. વિશેષ સુચના :- ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રેહવા સાવધાન કરવામાં આવે છે.

૨૦. પરીક્ષાનું માળખું. તારીખ અને સમય તથા અન્ય સુચનાઓ કોલેજની વેબસાઇટ www.sasv.org પર મૂકવામાં આવશે.

૨૧. જે જગ્યાના કેટેગરી દીઠ લાયક ઉમેદવારોને કોલ લેટર RPAD દ્વારા મોકલવામાં આવશે.

તારીખ : ૦3/૦૯/૨૦૨૪

પ્રમુખ / મંત્રી
કાંકરેજ તાલુકા કેળવણી મંડળ
થરા જિ.બનાસકાંઠા